રજુ તારીખ : ૨૨–૦૯– ૨૦૧૭
દાખલ તારીખ : ૨૨–૦૯– ૨૦૧૭
ફેંસલ તારીખ : ૧૪–૦૩–૨૦૨૪
અવધી : વર્ષ– માસ– દિન

=====================================================

# ઝાલોદનાં મહેરબાન પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની અદાલતમાં, મુંઃ ઝાલોદ સમક્ષ.

=====================================================

જુનો રે.દિ.મુ.નં.૧૧૧/૨૦૧૭
નવો રે.દિ.મુકદમા નં. ૮૨/૨૦૧૭
આંક :

વાદીઓ :

(૧) સરોજલતાબેન તે ઝાબરમલ ભુરમલ અગ્રવાલની દિકરી તે જયપ્રકાશ ગોયલની સધવા પત્ની
રહે.એ–૨,ફ્લેટ નં.૭૦૨ તિરૂપતિ દર્શન, બાલાજી નગર, ભાયંદર (વેસ્ટ) પીન કોડ નં.૪૦૧૧૦૧.

(૨) નારાયણલાલ ઝબ્બુલાલ અગ્રવાલ
રહે.૫૭, નવા શીવાજી માર્ગ ધાનમંડી,ધાર,જી.ધાર.

**વિરૂધ્ધ :–**

પ્રતિવાદીઓ :

(૧) કિર્તીકાબેન તે ઝાબરમલ ભુરમલ અગ્રવાલની દિકરી તે સતીષકુમાર મોહનલાલ બંસલની સધવા પત્ની
રહે.બંગલા નં.૧ અગ્રવાલ સોસાયટી,તા.ઝાલોદ

(૨) ભોજરાજ ગંગારામ ફતનાણી
રહે. ભરત ટાવર પાસે,ઝાલોદ,તા.ઝાલોદ.

(૩) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી
રહે.સીટી સર્વે ઓફીસ,ઝાલોદ.

(૪) કલેકટર સાહેબશ્રી,
રહે.કલેકટર કચેરી,દાહોદ.

(૫) નામદાર ગુજરાત સરકાર,ગાંધીનગર

(૬) રાધાબેન નારાયણલાલ અગ્રવાલ
રહે.મહુ,જી.ઈન્દોર.

(૭) રૂપાલીબેન નારાયણલાલ અગ્રવાલ
રહે.છાવણી,ઈન્દોર.

---

દાવો : **રૂા.૧,૩૧,૩૬૦/– ના આંકથી જાહેરાત તથા જાથુના મનાઈ હુકમ અને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદ કરાવવાની દાદ માટેનો સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪ મુજબ.**

---

વાદીઓ તરફે વિ.વ.શ્રી આર.પી.ચૌધરી.
પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી કે.એચ.ખંડેલવાલ.
પ્રતિવાદી નં.૩ થી ૫ તરફે સરકારી વકીલ શ્રી ડી.એસ.પરમાર.

---

## –// જજમેન્ટ //–

(૧) આ કામે વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે : ગામ ઝાલોદ તા.ઝાલોદમા સી.સ.નં.૧૨૫૬,૧૨૫૩/અ, ૧૩૩૭/અ તથા ૩૪૯૪ વાળી સ્થાવર મિલ્કતો આવેલી છે તે મિલકતો વાદી અને પ્રતિવાદી નં.૧ ના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલની સ્વપાર્જિત મિલ્કતો છે તે પૈકી સી.સ.નં.૩૪૯૪ વાળી મિલકત અગ્રવાલ સોસાયટી, ઝાલોદમા આવેલ બંગલા નં.૧ વાળી મિલ્કત છે અને તે બંગલા નં.૧ ની આગળ ખુલ્લો પ્લોટ સોસાયટી ઝાલોદમા આવેલ બંગલા નં.૧ વાળી મિલકત છે અને તે બંગલા નં.૧ ની આગળ ખુલ્લા પ્લોટ વાળી જમીન તેમના પિતાની આવેલી છે અને સી.સ.નં.૧૨૫૬ વાળી મિલકતમા વડબજાર ઝાલોદમા આવેલી તેમના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલ કાપડની દુકાન ચલાવતા હતા તે મિલકત છે અને સી.સ.નં.૧૨૫૩/અ વાળી મિલકત આ દુકાનના પાછળના ભાગમા આવેલી મિલ્કત છે અને સી.સ.નં.૧૩૩૭ વાળી મિલ્કત તે જૈન મંદિર સામેની ગલીમા આવેલી મિલ્કત છે આ તમામ મિલ્કત વાદીના પિતાની સ્વપાર્જીત મિલ્કતો છે અને સદરહુ મિલ્કતોને વાદી દાવા અરજીમા દાવાવાળી મિલ્કતો તરીકે ઓળખ કરેલ છે.

વાદીની વધુમાં રજુઆત છે કે, સદરહું દાવાવાળી મિલકતો તેમના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલના નામે ચાલતી હતી અને તે મિલકતોનો કબજો

ભોગવટો પણ તેમનો ચાલતો આવેલા અને તેમના પિતાને સંતાનમા કોઈ દિકરા ન હતા અને વાદી નં.૧ તથા વાદી નં.૨ ના પત્ની શકુંતલાબેન તથા પ્રતિવાદી નંઉ૧ ના એ રીતના ત્રણ દિકરાઓ જ છે અને તેમની ત્રણ દિકરીઓમા સૌથી મોટા શકુંતલાબેન અને તેમના પછીના પ્રતિવાદી નં.૧ અને વાદી સૌથી નાના એ રીતના વારસો છે અને તેમના માતાનું નામ સરસ્વતીબેન છે અને તેઓ મરણ પામેલ છે. વાદી નં.૨ અને પ્રતિવાદી નં.૬ અને ૭ ના શકુંતલાબેનના વારસો છે અને શકુંતલાબેન આજથી ૩ વર્ષ અગાઉ મરણ પામેલ છે અને તેઓના મરણ બાદ તે માટેનું વિલ કરી ગયેલ અને તે વિલના આધારે તમામ દાવાવાળી મિલ્કતો તેમના માતા સરસ્વતીબેનના નામે સીટી સર્વે રેકર્ડ ઉપર દાખલ થયેલી છે અને તેની સીટી સર્વે કચેરી,ઝાલોદમા દાવાવાળી મિલ્કતોમા વિલ આધારે તેમની માતાનું નામ નોંધ નં.૬૧ થી તા.૪/૧૦/૮૬ ના રોજ દાખલ થયેલ છે. વાદીના માતા સરસ્વતીબેન અગ્રવાલ તા.૩/૭/૯૯ ના રોજ મરણ પામેલ છે અને મિલ્કતોની યોગ્ય જાળવણી થાય તે હેતુ થી વાદી તથા તેમના મોટા બહેને આ મિલકતોમા પ્ર તિવાદી નં.૧ને સાચવવા અને વાપરવા આપેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તે મિલકતો પૈકી સી.સ.નં.૩૪૯૪ વાળી મિલકત ત્રણે બહેનોના નામે રાખવા અને અન્ય દાવાવાળી સીટી સર્વે વાળી મિલકતો તેમના એકલાના નામે રાખવા રેકર્ડ ઉપર નોંધ પડાવી લીધેલ તેમા ત્રાહિત દવારા વાંધો લેવામા આવતા તે કામે વિલની નોંધ રદ કરવામા આવેલ છે તેઓએ નાયબ કલેકટર સાહેબ રૂબરૂ જાણ બહાર બારોબાર અપીલ કરી તેમા તે રીતના ફેરફાર કરાવેલ અને તે બાદ તેઓએ વાદી અને તેમની બહેન શકુંતલાના નામ સીટી સર્વે નંબ.૧૨૫૩/અ મા ચાલતુ હતુ તે જાણ બહાર બારોબાર કમી કરાવેલ છે. વધુમાં સદર સી.સ.નં.૧ ૨૫૩/અ મા પણ તે રીતે વાદીના હકકને નુકશાન પહોંચાડી તેમની જાણ બહાર ખોટા ફેરફાર કરાવી સીટી સર્વે નં.૧૩૩૭ મા તે પ્રમાણેનો ખોટો ફેરફાર કરાવી રેકર્ડ ઉપર તેમનું નામ દાખલ કરાવી દાવાવાળી મિલકતો પૈકી ૧૩૩૭/અ વાળી

મિલકત પ્રતિવાદી નં.ર ને તા.પ/૮/૧૬ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૬૩૮ થી રૂા.૧,૩૦,૦૦૦/– વેચાણ આપવાનો દસ્તાવેજ કરી આપેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તેઓ ઉપર વિશ્વાસ ભરોષાનો ગેરલાભ ઉઠાવી દાવાવાળી મિલકતો એકલા પચાવી પાડવા માટે ગેરકાયદેસર સીટી રેકર્ડે ફેરફાર કરાવેલ છે અને દાવાવાળી મિલકતો પૈકીની સી.સ.નં.૧૩૩૭/અ વાળી મિલકત પ્રતિવાદી નં.ર ને વેચાણ કરેલ હોઈ તે વેચાણ દસ્તાવેજ રદૃ કરાવવા તથા દાવાવાળી મિલકતોમા વાદી અને પ્રતિવાદી નં.૬,૭ નું વારસાઈ હકક લાગે છે તેની જાહેરાત મેળવવા અને આ વાદીની દાવાવાળી કોઈપણ મિલકત એકલા વેચાણ કરવાનો તથા તેનો ઉપભોગ કરવાનો કોઈ હકક અધિકાર નથી તે મતલબની દાદ મેળવવા હાલનો દાવો દાખલ કરવાની જરૂર તથા કારણ ઉત્પન્ન થયેલ છે.

આ કામના વાદીઓની દાવાની દાદ:–

**(અ)** મોજે : ગામ ઝાલોદ તા.ઝાલોદમા સી.સ.નં.૧૨૫૬,૧૨૫૩/અ, ૧૩૩૭/અ તથા ૩૪૯૪ વાળી મિલકતો અમો વાદીના પિતા ઝાબરમલ ભુરમલ અગ્ર વાલની સ્વપાર્જીત મિલકત છે અને તેમા તેમના પત્ની એટલે કે અમારી માતા સરસ્વતીબેન ગુજરતા વારસાઈ હકકે અમો વાદી તથા અમારા મર્હુમ બહેન શકુંતલાબેનના વારસો વાદી નં.ર અને પ્રતિવાદી નં.૬ અને ૭ નો વારસાઈ હકક પ્ર તિવાદી નં.૧ જેટલો લાગે છે તેવુ જાહેર કરશોજી અને પ્રતિવાદી નં.૧ ના એકલાનો આ મિલકતોમા કોઈ લાગ ભાગ નથી તેવુ જાહેર કરવા તથા

**(બ)** મોજે : ગામ ઝાલોદ તા.ઝાલોદમા સી.સ.નં.૧૨૫૬,૧૨૫૩/અ, ૧ ૩૩૭/અ તથા ૩૪૯૪ વાળી મિલકતો પૈકી સી.સ.નં.૧૩૩૭/અ વાળી મિલકત પતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.ર ને તા.પ/૮/૧૬ ના રોજ જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૬૩૮ થી વેચાણ આપેલ છે તે સમગ્ર વ્યવહાર દાવાવાળી મિલકતમા અમારો પણ વારસાઈ હકક લાગતો હોઈ તેથી તે દસ્તાવેજ ગેરકાયદેસર ઠરાવશોજી

અને તે દસ્તાવેજના આધારે પ્રતિવાદી નં.ર નો દાવાવાળી મિલકત સી.સ.નં.૧ ૩૩૭/અ મા કાયદેસર કોઈ હકક અધિકાર નથી તેવુ ઠરાવવા તથા

(ક) મોજે ગામ ઝાલોદ, તા.ઝાલોદ, જી.દાહોદના સીટી સર્વે વિસ્તારમા આવેલી સી.સ.નં.૧ર૫૬, ૧ર૫૩/અ, ૧૩૩૭/અ તથા ૧૩૯૪ વાળી મિલકતો અમો વાદીના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલની સ્વપાર્જીત મિલકત છે અને તેમા તેમના પત્ની એટલે કે અમારી માતા સરસ્વતીબેન ગુજરતા વારસાઈ હકકે અમો વાદી તથા અમારા મર્હુમ બહેન શકુંતલાબેનના વારસો વાદી નં.ર અને પ્રતિવાદી નં.૬ અને ૭ નો વારસાઈ હકકે પ્રતિવાદી નં.૧ જેટલો લાગે છે તેથી આ કામના પ્રતિવાદી નં.૧ નાઓ સદરહું સી.સ.નં.૧ર૫૬, ૧૩૫૩/અ, ૩૪૯૪ વાળી મિલકતોમા તેવુ જાહેર કરશોજી અને પ્રતિવાદી નં.૧ ના એકલાનો આ મિલકતોમાં કોઈ લાગ નથી તેથી તેઓ જાતે કે અન્ય મારફતે સદર મિલકતો કોઈપણ ઈસમને કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈહુકમ આપશોજી તથા આ કામના પ્રતિવાદી નં.ર ના દાવાવાળી સીટી સર્વે નં.૧૩૩૭/અ વાળી મિલકત કોઈપણ ઈસમને કોઈપણ પ્રકારે તબદીલ કરે કરાવે નહી અને પ્રતિવાદી નં.૩ ના તેવા ફેરફાર સીટી સર્વે રેકર્ડ ઉપર કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈહુકમ આપવા તથા સદર દાવા અરજીનું તમામ ખર્ચ પ્રતિવાદી નં.૧,ર નાઓ પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(ર) સદર દાવાના કામે પ્રતિવાદીઓને પ્રોસેસ કરતા પ્રતિવાદી નં.રનાઓ તેમના વિ.વકીલ શ્રી મારફતે હાજર થઈ વાદીનો દાવા તથા મનાઈ અરજીનો જવાબ આંક–૧૦ થી રજુ કરેલ છે.પ્રતિવાદી નં.ર દવારા આંક–ર૫ થી જવાબ રજુ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓએ આંક–ર૯ થી જવાબ રજુ કરેલ છે.

આ કામે પ્રતિવાદી નં.ર મુખ્યત્વે કબુલ કર્યા શિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરી મુખ્યત્વે રીતે જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ કિર્તીકાબેન જાબરમલના નામે ઝાલોદ સીટી સર્વેમા નોંધ નં.ર૭૪ તા.ર૬/૭/૯૯ ને ૧ર વર્ષ વીતી

જવાથી લીમીટેશન એકટ આર્ટી.–૬૫ મુજબ એડવર્સ પઝેશન ઉભુ થઈ ગયેલ હોઈ ૧૨ વર્ષ પછી દાવો સમયબાધ વાળો થઈ ગયેલ છે તેમજ વાદીએ પ્રતિવાદી નં.૧ વિલથી એકલા માલિક બન્યા હોય તો વીલ ગે.કા. ઠરાવવા દાવો કર્યા સિવાય વાદીઓનો ભાગ જાહેર કરાવવા કોઈ દાવો મનાઈ કાયદેસર ચાલવાપાત્ર નથી, દાવાવાળી મિલકતો સીટી સર્વે ઓફીસમા એન્ટ્રી નં.૬૧ થી તા.૪/૧૦/૮૬ ના રોજ સરસ્વતીબેનના નામે વીલ આધારે ચઢતા તેઓને સદર ચારેય મિલકતો ઉપર સ્વપાર્જીત મિલકતોનો દરજજો વીલના કાયદા મુજબ મળે છે, વાદીએ ખોટું દાવાનું કારણ ઉભુ કરી ખોટી રજુઆત કરેલ છે આમ પ્રતિવાદી નં.૨ સામે કરેલ દાવો કોઝ ઓફ એકશન વિનાના,હકુમત વિનાના અને સત્ય વેગળા હોઈ ખર્ચ સાથે રદ કરવા જણાવેલ છે.

પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓએ વાદીના દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોવાથી રદ થવાને પાત્ર છે તેમજ વાદીઓએ જે સબ રજીસ્ટ્રારની કચેરીમા અનુ.નં.૬૩૮ થી તા.૫/૮/૧૬ ના રોજ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટેનો કાયદેસરનો કોઈ હકક કે અધિકારી પ્રાપ્ત થતો નથી જેવી વિગતવારની લેખિત રજુઆત કરી વાદીઓએ પ્રતિવાદી નં.૩ થી ૫ નાને તદ્દ્રન ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા હોવાથી તેઓને સામે કોઈ દાદ વાદી કાયદેસર મેળવવા હકકદાર નથ હોય વાદીઓનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તર્ફે વારંવાર મુદત અરજી રજુ થયેલ હોય જેથી આંક–૪૨ થી ફરી વાર મુદત અરજી રજુ થતા જે નામંજુર કરી વાદીનો પુરાવાનો હકબંધ કરેલ છે તેમજ વધુમાં પ્રતિવાદીઓ દવારા આંક–૪૩ અને આંક–૪૪ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે જયારે અન્ય પ્રતિવાદીઓ હાજર રહેલ ન હોય જેથી તેઓનો પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી.

(૪) વાદીઓ તરફે તેઓની લંબાણ પુર્વકની લેખિત દલીલો આંક-૬૦ થી રજુ કરવામાં આવેલ છે જે ચર્ચા અત્રે નહીં કરતાં તેઓની યથાયોગ્ય સ્થાને ચર્ચા કરવામાં આવેલ છે જયારે પ્રતિવાદીઓ તર્ફે હાલના દાવા હકીકતે રજુ થયેલ પોતાના જવાબની વિગતે લંબાણપુર્વકની દલીલો કરી વધુમાં જણાવેલ છે કે, હાલના કામે વાદી તર્ફે દાવા હકીકતે કોઈપણ જાતનો દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ ન હોય જેથી વાદી પોતાનો દાવો પુરવાર કરી શકેલ ન હોય જે રદ કરવા અરજ ગુજારેલ છે.

(૫) સદર કેસના નિકાલ માટે આંક-૩૭ થી પુરોગામી વિ.ન્યાયાધિશશ્રી દવારા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-:: મુ દ્દા ::-**

(૧) શું વાદી પુરવાર કરે છે કે,મોજે : ગામ ઝાલોદ,તા.ઝાલોદના સીટી સર્વે વિસ્તારમા આવેલ સી.સ.નં.૧૨૫૬, ૧૨૫૩/અ,૧૩૩૭/અ તથા ૧૩૯૪ વાળી મિલ્કતો વાદીના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલની સ્વપાર્જીત મિલ્કત છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે,વાદીના માતા સરસ્વતી ગુજરી જતા વારસાઈ હેતે વાદી તથા મર્હુમ શકુંતલાબેનના વારસો વાદી નં.૨ અને પ્રતિવાદી નં.૬,૭ નો વારસાઈ હક પ્રતિવાદી નં.૧ ના જેટલો લાગે છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે,સીટી સર્વે નં.૧૩૩૭/અ વાળી મિલકત પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને તા.૫/૮/૧૬ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૬૩૮ થી વેચાણ આપેલ છે તે દસ્તાવેજ ગેરકાયદેસર છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, દાવાનું કારણ સાચું છે ?

(૫) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે ?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાને પક્ષકારોની ખામીનો બાધ છે ?

(૭) શું વાદી પુરવાર કરે છે કે, દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૮) શું હુકમ અને શું હુકમનામું ?

**(૬)** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા ઉતરો નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) હકારમાં

(૫) નકારમાં

(૬) નકારમાં

(૭) નકારમા

(૮) આખરી હુકમ મુજબ

**<u>પુરાવાનુ મુલ્યાંકન:-</u>**

**(૭)** પુરાવો તથા સાબિતી આ બંને શબ્દો પ્રથમ દર્શને એકસરખો અર્થ ધરાવતા હોઈ તેમ જણાય. વાસ્તવમાં પુરાવાનો બોજો કોઈ પક્ષકાર પર હોતો નથી પરંતુ સાબીતીનો બોજો પક્ષકાર ઉપર હોય છે. સાબીતી એટલે કે, પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબીતી એટલે પુરવાર થવુ તે એટલે કે, "***PROVED***" કોઈ હકીકત સાબીત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણે કોઈ બાબત કે હકીકત સાબીત થાય. કેટલીક હકીકતોની ન્યાયીક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબીત થાય છે તેમજ સાબીતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મીલકતનું નિરીક્ષણ કોઈ મીલકતની હકીકતની સાબીતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્ર પણે જોતાં સાબીતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબીતી શબ્દ પુરાવા કરતાં વિશાળ અર્થ ધરાવે છે અને સાબીતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ પુરાવા અધિનિયમની કલમ-૩ મુજબ માને છે.

(૮) ફોજદારી કાર્યવાહી તથા દીવાની કાર્યવાહીમાં સાબીતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની અત્યંત ઉચી માત્ર તે શ્રેષ્ઠ સાબીતી ગણાય તથા ગુનો સાબીત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામા પક્ષ ઉપર ખસતો નથી. જયારે દીવાની કાર્યવાહીમાં સંભવિતતા પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબીતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામા ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ, દીવાની કાર્યવાહીમા "***PRE PONDERANCE OF PROBABILITY***"ના સિધ્ધાંત મુજબ સાબીતીનો બોજો રહેલ છે.

ભારતીય પુરાવા અધિનિયમનીકલમ–૧૦૧ જોવામાં આવે તો તેમાં સાબીતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ''કોઈ પણ (વ્યકિત) ઈચ્છતી હોય કે, પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવુ પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે, તે વ્યકિત ઉપર સાબીતીનો બોજો છે.'' આમ, ઉપરોકત પુરાવાના મુલ્યાંકનના સિધ્ધાંતો તેમજ સાબીતીના બોજા અંગેની જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબ મુદ્દાઓના નિર્ણયના કારણોની ચર્ચા કરવામાં આવેલ છે.

(૯) મુદ્દા નં. ૧ થી ૪ ના નિર્ણય માટેના કારણો અસરપરસ એકબીજા સાથે સંલગ્ન હોય પુરાવાના વિશ્લેષણનુ પુનરાવર્તન ટાળવા અને એકરૂપતા જાળવવા બંને મુદ્દ માટેના કારણો ની ચર્ચા એક સાથે કરેલ છે. સદર મુદ્દાઓ પૈકી મુદ્દા નંબર ૧ થી ૪ પુરવાર કરવાની જવાબદારી વાદીઓના શીરે છે તેના અનુસંધાને, ભારતીય પુરાવા

અધિનિયમ ૧૯૦૮ ની કલમ ૧૦૧ વંચાણે લેતાં કોઈ પણ વ્યકિત એમ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોનાં અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે, તેમજ જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે. આમ જયારે ન્યાયિક કાર્યવાહીનો નિર્ણય થાય ત્યારે વિશાળ અર્થમાં એમ કહી શકાય કે તે કારણે કોઈક અધિકાર અથવા જવાબદારી નિયત કરવામાં આવે છે.જેનો આધાર કોઈ હકીકતનાં અસ્તિત્વ પર રહે છે. જે વ્યકિત એટલે કે પક્ષકાર કોઈ હકીકતના અસ્તિત્વનું પ્રતિપાદન કરતી હોય તેણે તે હકીકત સાબિત કરવી જોઈએ.

(૧૦) આ કામે વાદી પક્ષે તેઓના દાવાના પ્લીડીંગ્ઝની હકીકતે હાલના કામે વાદી ઝાલોદના સીટી સર્વે વિસ્તારમા આવેલ સી.સ.નં.૧૨૫૬,૧૨૫૩/અ, ૧૩૩૭/અ તથા ૧૩૯૪ વાળી મિલ્કતો વાદીના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલની સ્વપાર્જીત મિલ્કત હોવા સંદર્ભે વાદી દવારા સદર દાવા હકીકતે જણાવેલ હકીકતોને કોર્ટ રૂબરૂ સરતપાસના સોગંદનામા દવારા રેકર્ડ ઉપર લાવેલ નથી અને ન લાવી શકવા બાબતે પણ કોઈ સ્વીકૃત હકીકતો રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ વાદી દવારા સદરહું કામે ઝાલોદના સીટી સર્વે વિસ્તારમા આવેલ સી.સ.નં.૧૨૫૬,૧૨૫૩/અ, ૧ ૩૩૭/અ તથા ૧૩૯૪ વાળી મિલ્કતો જણાવેલ છે પરંતુ તે સંદર્ભે પણ કોઈ સ્વીકૃત પુરાવો વાદી તર્ફે રજુ કરેલ નથી આમ, વાદીએ પોતાની દાવા હકીકતને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી સદર દાવા હકીકતોને પુરવાર કરવી પડે પરંતુ વાદી દવારા દાવા હકીકતે સદરહું મિલ્કતો તેમના પિતા ઝાબરમલ ભુરમલ અગ્રવાલનાઓની સ્વપાર્જિત મિલ્કત હોવાનું જણાવે છે પરંતુ તે હકીકતને ઉપરોકત ચર્ચા કરી તેમ ભારતીય પુરાવા અધિનિયમ મુજબ પુરવાર કરી રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ વધુમાં વાદીના માતા સરસ્વતી ગુજરી જતા વારસાઈ હેતુ વાદી તથા મર્હુમ શકુંતલાબેનના વારસો વાદી નં.૨ અને પ્રતિવાદી નં.૬,૭ નો વારસાઈ

હક પ્રતિવાદી નં.૧ ના જેટલો લાગે છે તેમ જણાવે છે તે દાવા હકીકતે પણ સદરહું કામે રજુ થયેલ રેકર્ડ જોતા વાદીના માતા સરસ્વતી ગુજરી ગયેલ હોય જે અંગે કોઈ પ્રથમ દર્શનીય રીતે સ્વીકારી શકાય તેવો કોઈ પણ જાતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી તેમજ વધુમાં વાદીની દાવા હકીકતે સદરહું દાવાવાળી મિલ્કત કયા માલિકી હકકે કાયદેસર રીતે પ્રાપ્ત થયેલ છે તે અંગે પણ કોઈ સ્પષ્ટ અને સમર્થનકારી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી માત્ર દાવા હકીકતે હાલનો દાવો દાખલ કરી વાદી દવારા પોતાના હકકની માંગણી કરેલ છે જે ઉપરોકત ચર્ચા અન્વયે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ વિરુધ્ધ માત્ર દાવા હકીકતે વાદી દવારા સદરહું મિલકતો તેમના પિતા દવારા મળેલ હોવાની જે હકીકત જણાવેલ છે તે બાબતે કોઈપણ જાતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં માત્ર વાદીના માતા સરસ્વતીબેન ગુજરી ગયેલ હોવાની હકીકત દાવા હકીકતે જણાવી વાદી દવારા સદરહું હકીકતોને પુરવાર કરવા માટે કોઈ સમર્થનકારી દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી તેમજ વધુમાં સીટી સર્વે નં.૧૩૩૭/અ વાળી મિલકત પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને તા.૦૫/૦૮/૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૬૩૭ થી વેચાણ આપેલ છે તે દસ્તાવેજ ગેરકાયદેસર થયેલ છે જે હકીકતો અંગે પણ વાદી દવારા સદરહું વેચાણ દસ્તાવેજ કાયદાકીય જોગવાઈ અન્વયે નોંધાયેલ હોય તે દર્શાવતો પણ કોઈ સ્વીકૃત પુરાવો હાલના કામે વાદીએ રેકર્ડ ઉપર રજુ કરેલ ત્યારે વાદી દવારા દાવા હકીકતે સદરહું વેચાણ દસ્તાવેજને ગેરકાયદેસર ઠરાવવા અરજ ગુજારેલ છે પરંતુ તે સંદર્ભે પણ ઉપરોકત ચર્ચા કરી તેમ તેને કાયદાકીય જોગવાઈ અન્વયે પુરવાર કરેલ નથી આમ, વાદી દવારા દાવા હકીકતે સદરહું હકીકતોને પુરવાર કરવા માટે કોઈપણ જાતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે સદર મૌખિક કે દસ્તાવેજી પુરાવાને રજુ ન કરવા બાબતે કોઈ સ્વીકૃત હકીકતોને રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમા આ કામના પ્રતિવાદી નં.૧ નાને વાદીએ આજથી ૨ માસ અગાઉ દાવાવાળી મિલ્કતોમા આવેલા અમારા લાગભાગ અંગે વિભાજન કરવાની ચર્ચા કરવા જતા આ મિલ્કતો તેમના

નામે છે અને તેઓને કોઈ લાગભાગ નહી મળે અને તમારાથી જે થાય તે કરી લો તેવુ જણાવેલ હોય ત્યારે અને ત્યારબાદ સતત સદર દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાવી હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે તેમ જણાવે છે જે હકીકત ધ્યાને લેતા વાદીને હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલાનું જણાય આવે છે પરંતુ જે કારણસર વાદીએ હાલનો દાવો કરેલ છે તે દાવો દાવા હકીકતે ઉપરોકત ચર્ચા કરી તે અન્વયે કોઈપણ જાતના મૌખિક કે દસ્તાવેજી પુરાવા દવારા સદરહું દાવા હકીકત પુરવાર કરેલ હોય તેવું રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

હાલના કામે ઉપરોકત ચર્ચા અન્વયે વાદીના દાવાને સમય મર્યાદા અધિનિયમની જોગવાઈઓ મુજબ સમયનો બાધ નડતો હોય કે દાવાના પક્ષકારોની ખામીનો બાધ નડતો હોય તે પ્રમાણેની ચાલુ દાવા દરમ્યાન પ્રતિવાદીઓ તરફે કોઈપણ પ્રકારની તકરાર લીધેલ હોય અને તે તકરારી હકીકોતોને સાબિત કરવા માટે પ્રતિવાદીઓ તર્ફે કોઈપણ જાતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય જેથી જેથી વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાની કે દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવાની હકીકત પ્રતિવાદીઓ પુરવાર કરી શકેલ નથી.

આમ, ઉપરોકત એકંદરે હકીકતે વાદીએ દાવા હકીકતે જે જે હકીકતો જણાવેલ છે તે હકીકતોને કોર્ટ રૂબરૂના સોગંદ ઉપરના પુરાવાથી સાબિત કરેલ નથી જેથી હાલના પ્રકારના દાવા હકીકત સંદર્ભે કાયદાકીય જોગવાઈઓ સાથે નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર વડી અદાલતોના વખતોવખતના પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા It is well known in civil cases that plaintiff is the master of the suit and he has to win the case on his own legs. It follows that since plaintiff comes up with a claim before the court, he owes the burden to prove the material particulars in his favour to get a decree passed.

વાદી દાવાનો માસ્ટર હોય છે અને તેણે પોતાનો કેસ પોતાના પગે ઉભા રહી પુરવાર કરવાનો હોય છે એટલે કે પોતાની દાવા હકીકતોને પોતે પુરવાર કરવાની હોય છે તેમજ વધુમા જો સામાપક્ષ કોઈ હકીકત પુરવાર કરવામા નિષ્ફળ જાય તો વાદી તેનો લાભ મેળવી શકે નહી ત્યારે હાલના દાવા હકીકતે માંગેલી દાદ અન્વયે દાવા અરજીના કથનો ને પુરવાર કરવા પડે એટલે કે,પક્ષ નિવેદન પુરાવાનું સ્થાન લઈ શકે નહી તે અંગે કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોથી પુરવાર થયેલ છે. જે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો માનસહ વંચાણ લેતા.:- '' ૨૦૦૮(૧) જી.સી.ડી. ૩૬૬ એગ્ર.પ્રો.માર્કેટ કમિટી. વિ. ભંડારી ધીરુભાઈ "Pleadings made by the party before the Court are required to be proved and substantiated by the party by producing and proving necessary evidence in support of such pleadings. Pleadings cannot take place of evidence. Pleadings are mere contentions raised by the party before the Court.Party is required to prove the same by leading proper evidence before the Court."

તેમજ વધુમાં નામદાર ઉચ્ચ અદાલતે Dionomoyi Debiv. Roy Luchmiput Singh (1879) 7 IA 8 ના ચુકાદામાં પ્રસ્તાપિત કરેલ છે કે, પુરાવા સંબંધમાં એ પાયાનો સિધ્ધાંત છે કે, કોઈપણ વિવાદી મુદદા અંગે લેખિત પુરાવો મળી શકતો હોય તો પક્ષકારોએ તે રજુ કરવો જોઈએ કારણ કે તેમાં રહેલી હકીકતો માટે એ શ્રેષ્ટ અને અફર પુરાવો હોય છે.

વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ વંચાણે લેતાં પ્રાથમિક એટલે કે, પ્રાયમરી પુરાવો એવી હકીકતો છે જે વિવાદી મુદદાને પુરવાર કરવા માટે પ્રથમ તબકકે જ રજુ કરવો જોઈએ. કાયદાની જોગવાઈ પ્રમાણે શ્રેષ્ટ પુરાવો જ રજુ થવો જરૂરી છે, પરંતુ જો એવો પુરાવો પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય, તો જ બીજી કક્ષાના એટલે કે સેકન્ડરી પુરાવાને રજુ કરી શકાય છે.પરંતું તેને ગ્રાહય ગણવા માટે એ જરૂરી છે કે

પ્રથમ કક્ષાનો પુરાવો નહી રજુ કરી શકવા માટે યોગ્ય કારણ કોર્ટને બતાવવામાં આવે. આમ કોઈ પણ હકીકતને પુરવાર કરવા માટે મુખ્યત્વે તો પ્રથમ કક્ષાનો એટલે કે સીધો પુરાવો કે પ્રાયમરી પુરાવો જ રજુ કરવાનો હોય છે, આમ છતાં કેટલાક સંજોગોમાં એવા પ્રાથમિક પુરાવાની ગેરહાજરીમાં ગૌણ પુરાવો પણ રજુ કરી શકાય છે, પરતું દસ્તાવેજોમાંની વિગતોનો ગૌણ પુરાવો ત્યાં સુધી કોર્ટમાં ગ્રાહ્ય બની શકશે નહી, જયાં સુધી ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ માં  જણાવેલ સંજોગો પૈકીના એક કે બીજા સંજોંગોમાં લાવી શકાય નહી, એવાં દસ્તાવેજોને કોર્ટમાં રજુ નહી કરી શકવા માટેના કારણોની કોર્ટને ખાતરી કરાવવામાં નહી આવે તેમજ જે પક્ષકાર દસ્તાવેજ સબંધી ગૌણ પુરાવો રજુ કરવા માંગતા હોય તેણે જ પુરવાર કરવાનું રહેશે કે એવા સંજોગોમાં ગૌણ પુરાવો ગ્રાહ્ય બને છે તે સબંધે Bank Of India vs Alibhoy Mohammed And Ors. on 29 January, 2008 ના ચુકાદામાં નામદાર બોમ્બે હાઈકોર્ટે પ્રસ્તાપિત કરેલ છે કે,

24. At this juncture, Sections 61, 62 and 63 of the Evidence Act need to be looked into. Section 61 lays down that contents of the documents may be proved either by primary or by secondary evidence. This Section is based upon the principal that "best evidence" in the possession or power of the party must be produced. What the best evidence is, it depends upon facts and circumstances of each case. Generally speaking, the original document is the best evidence. The contents of every written paper are, according to the ordinary and well established rules of evidence, required to be proved by the original document, and by that alone, if the document is in existence. It is, therefore,

necessary that when a document is produced as primary or secondary evidence, it will have to be proved in the manner laid down in Sections 67 to 73 of the Evidence Act.

27. Let me now deal with the photo copies of some of the documents filed on record. Section 63 of the Evidence Act provides- for leading secondary evidence. Secondary evidence cannot be accepted without sufficient reason being given for non production of the original. The loss of original document must be shown in order to lead secondary evidence. Secondary evidence of the document can be allowed to be lead only where original is proved to have existed but was lost or misplaced (see . Filmistan Private Ltd. Co. v. The Municipal Corporation for Greater Bombay). The document unless shown to have been compared with original one, mere copy of the document does not become secondary evidence. The person giving oral evidence who accounts for the contents must have himself seen the original document and not a mere copy. "Seen" here will obviously mean "read". A person who proposes to testify the contents of a document, either by copy or otherwise, must have read it. The contents of private documents may be proved as secondary evidence by any witness who has in fact read them. The secondary evidence is required to be proved in the same manner in which primary evidence.

28. Section 65 of the Evidence Act provides that in

each type of cases secondary evidence relating to the document may be given. This Section enumerates the seven exceptional cases in which secondary evidence is admissible. Secondary evidence is of the contents which cannot be admitted without the production of document in such a manner within one or the other of the cases as provided for in the Section.

આમ ઉપરોકત ચર્ચા તેમજ કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા એટલે કે,ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ પ્રમાણે જો કોઈ વ્યકિત એવી આશા રાખતી હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોના પુરાવાના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરતા અથવા જવાબદારી વિશે કોર્ટ ફેંસલો આપે તો તે તેણે પુરવાર કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે અને તે અંગેનો સમર્થનકારી પુરાવો રજુ કરવામાં ન આવે તો વિરુધ્ધનુ અનુમાન થઈ શકે છે.

આમ ઉપરોકત તમામ હકીકતો સાથે ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈ વંચાણે લેતાં જયારે કોઈ હકીકત પુરવાર થયેલી ત્યારે કહેવાય કે જયારે કોર્ટ તેની સમક્ષ આવેલી હકીકતો ઉપરથી એમ માને કે તે હકીકત અસ્તિત્વમાં છે, અથવા એવી હકીકતના અસ્તિત્વ માટેની શકયતા એટલી બધી હોવાનું કોર્ટ માને કે કોઈ પણ બુધ્ધિશાળી વ્યકિત એવી હકીકત અસ્તિત્વમાં છે એવું જ અનુમાન કરે, અને તેને આધારે પોતે વર્તી શકે. તેવી જ રીતે જયારે કોઈ હકીકત નાસાબિત થયેલી અથવા પુરવાર નહીં થઈ શકેલી ત્યારે કહેવાય કે જયારે કોર્ટ પોતાની સમક્ષ રજુ થયેલી હકીકતો ઉપરથી એમ માને કે તે હકીકત અસ્તિત્વ ધરાવતી નથી અથવા તેનું અનસ્તિત્વ એટલે સુધી માને કે કેસના સંજોગોમાં કોઈ બુધ્ધિશાળી વ્યકિત એમ માનીને કાર્ય કરે કે તે અસ્તિત્વ ધરાવતી નથી. આમ ઉપરોકત ચર્ચા અનુશાર વાદીની દાવા અરજની કોર્ટ સમક્ષ રજુ થયેલ હકીકતો વિચારતાં આ અદાલત તેનું અસ્તિત્વ

નથી તેમ માને છે તેમજ તેનું બિનઅસ્તિત્વ એટલી હદે માને છે કે એક સમજદાર વ્યકિત કે જે હાલના કેસના સંજોગો હેઠળ એવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ નથી, આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા કરી તેમ વાદીઓએ પોતાની દાવા હકીકતે ઉપસ્થિત થયેલ દાવાના કારણની હકીકત પુરવાર કરી શકેલ ન હોય જેથી વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવતું ન હોય જેથી મુદ્દા નં.૧ થી ૩ નકારમા ઠરાવું છુ જયારે મુદ્દા નં.૪ હકારમા ઠરાવું છું તેમજ પ્રતિવાદીઓ દવારા પણ મુદ્દા નં.૫ અને ૬ ની હકીકતો પુરવાર કરી શકેલ ન હોય જેથી સદરહું મુદ્દો નકારમા ઠરાવું છુ.

આમ, આ કામે ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર વાદીઓ દાવા અરજીના પેરા–૧૦ (અ)(બ)(ક) માં માગ્યાં મુજબની દાદ મેળવવા હકકદાર ન હોય મુદ્દા નં.૭ નો જવાબ  નકારમા ઠરાવી મુદ્દા નં. ૮ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## **–:: હુકમ ::–**

1. વાદીઓનો હાલનો દાવો નામંજુર કરવામાં આવે છે.
2. વાદીઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો તેમજ પ્રતિવાદીઓનો ખર્ચ વાદીઓએ ભોગવવો.
3. હુકમ પ્રમાણે હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪–૦૩–૨૦૨૪
ઝાલોદ

(સુહેલ અબ્દુલરશીદ ટેલર)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ,ઝાલોદ
**[U.I.C. NO. GJ-00990]**

**S.K.SOLANKI**